TALES OF VALOUR . 65ની વૉર દરમિયાન લગભગ ત્રીસેક દિવસ યુનિફોર્મમાં જ સ્ટેન્ડ ટુ રહેવાનું બનેલું

# 'દારૂગોળો લેવા 400 કિમી દૂર ડેપો સુધી ગાડી દોડાવવાની થ્રીલ આજેય યાદ છે!'

**1962માં ભારત-ચીન વચ્ચે યુદ્ધ થયું ત્યારે એન્જિનિયરિંગનો અભ્યાસ કરતા મહેન્દ્ર ગર્ગ નામના વિદ્યાર્થીમાં રાષ્ટ્રપ્રેમની આહલેક એવી જાગી કે તેમણે લશ્કરમાં જોડાવાનું નક્કી કર્યું. સૈન્યમાં બટાલિયન કમાન્ડન્ટના હોદ્દા સુધી પહોંચનારા મહેન્દ્રભાઈ નિવૃત્તિ પછી અધ્યાત્મ અને સમાજસેવા તરફ આકર્ષાયા છે**



> સીઆરપીએફમાંથી વીઆરએસ લઈને સ્વૈચ્છિક પ્રવૃત્તિઓ કરી. એક એવા સમયને સાધીને આવ્યો હતો કે જ્યાં મોતને ખૂબ નજીકથી નિહાળ્યું હતું. અને એ બધું છેવટે મને અધ્યાત્મ તરફ પ્રેરી રહ્યું હતું. - મહેન્દ્ર ગર્ગ

પાર્થિવી અધ્યારુ શાહ, અમદાવાદ પોસ્ટ

છેલ્લા કેટલાક સમયથી ચીન-ભારત સરહદ પરની શંકાસ્પદ હલચલ અને નાનાં-મોટાં છમકલાંઓને કારણે વૉરના ભણકારા વાગી રહ્યા છે ત્યારે ભૂતપૂર્વ બટાલિયન કમાન્ડન્ટ અને અત્યારના સમાજસેવક મહેન્દ્ર ગર્ગ પોતાની અનુભવગાથા વર્ણવી રહ્યા છે.

મહેન્દ્રભાઈ પોતાની રાષ્ટ્રભક્તિની યાત્રા વર્ણવતાં કહે છે, '1960ના દાયકા દરમિયાન વલ્લભવિદ્યાનગર સાયન્સ કોલેજમાં સતત બે વર્ષ સ્ટુડન્ટ યુનિયનમાં ચૂંટાયો. વર્ષ 1963માં એન્જિનિયરિંગનો અભ્યાસ સંપન્ન થયો. છેલ્લા વર્ષમાં કોલેજમાં જનરલ સેક્રેટરી તરીકે ચૂંટાયો હતો. 1962માં ભારત-ચીન વચ્ચે યુદ્ધ થયું અને કોલેજના જીએસ તરીકે બધી કોલેજોના વિદ્યાર્થીઓને ભેગા કરવા, સભા-સરઘસ, ખાસ તો ડોનેશન કેમ્પનાં આયોજનો કરવાં વગેરે કાર્યો બહુ કર્યાં. એ વખતે ઘણી બહેનોએ પોતાના દાગીના દાનમાં આપ્યા, એ જોઈને મારામાં એક ઊંડી દેશદાઝનો સંચાર થયો. મારામાં રહેલો સિપાહી જાગી ઊઠ્યો!'

આર્મીમાં જોડાઈને પછી બટાલિયન કમાન્ડન્ટ બનવા સુધીની સફર વર્ણવતાં મહેન્દ્રભાઈ કહે છે, '1962ના યુદ્ધ પછી સેનામાં ઑફિસર્સ અને જવાનોની અછત નિવારવા સરકારે 1963માં ઇમરજન્સી કમિશન ફોર ઑફિસર્સની



તત્કાલીન આર્મીચીફ જનરલ માણેકશા સાથેની એક મુલાકાતનું તસવીરી સંભારણું

જાહેરાત કરી, જેમાં મારું સિલેક્શન થયું. ઓટીએસમાં સૈન્ય તાલીમ બાદ 1964માં લેફ્ટનન્ટ તરીકે પાસ થયો. સિકંદરાબાદ પાંચ મહિનાની પ્રોફેશનલ ટ્રેનિંગ બાદ મારું પોસ્ટિંગ એર ડિફેન્સ રેજીમેન્ટ, તોપખાના, દિલ્હીમાં થયું. જુલાઈ-ઓગસ્ટ-1965માં તો ભારત-પાક વૉરનું એલાન થયું. અમારી રેજીમેન્ટ વેસ્ટર્ન સેક્ટર, પાકિસ્તાન બોર્ડર પરના એરફીલ્ડના રક્ષણ અર્થે ડિપ્લોય થઈ.' ગર્ગ પોતાની વાત આગળ ચલાવતા કહે છે, 'ઓગસ્ટ-65માં કેપ્ટન તરીકે પ્રમોશન મળ્યું. વૉર દરમિયાન લગભગ ત્રીસેક દિવસ યુનિફોર્મમાં જ સ્ટેન્ડ ટુ રહેવાનું બનેલું. તે વખતે દેશમાં બ્લેકઆઉટ હતો. એ વખતે 400 કિમી દૂર આવેલા ડેપોએ જઈને દારૂગોળો લેવા જવાનું થયેલું. એક ડેપોએ જઈને આવવાનો અનુભવ મને આજે પણ એ થ્રીલની યાદ અપાવી જાય છે!'

આ બધી વૉર સર્વિસ માટે ભારત સરકાર તરફથી 'સમય સેવા સ્ટાર 65'નો મેડલ મેળવનાર મહેન્દ્ર ગર્ગની નેફા (અરુણાચલ બોર્ડર) પરની 12000 ફીટની ઊંચાઈ પર માઉન્ટેન વૉરફેરની અતિમહત્ત્વપૂર્ણ ટ્રેનિંગ થઈ અને તેમણે ત્યાં ત્રણ વર્ષ ફરજ બજાવી. '1969માં સીઆરપીએફમાં ડીવાયએસપી તરીકે જોડાવાનો વિકલ્પ મળ્યો ને તેલંગણાનાં જંગલોમાં એન્ટિ-નક્સલ ડ્યૂટી કરવાની આવી. આવા અંતરિયાળ જંગલોમાં મારાં પત્ની કલ્પના પણ મારી સાથે હતાં. લગ્ન પછી તરત જ આ ડ્યૂટી પર ફરજ બજાવવા હાજર થયેલો. અઢાર વર્ષ આ ક્ષેત્રે સેવા આપી અને નિયત સમયે પ્રમોશન્સ મળતા રહ્યા. 1985માં બટાલિયન કમાન્ડન્ટ થયો અને 86માં સિલેક્શન ગ્રેડ મળ્યો. લૉ એન્ડ ઑર્ડર ડ્યૂટી, રમખાણો, એન્ટિ-ટેરરિસ્ટ ડ્યૂટી, રાષ્ટ્રવ્યાપી રેલવે સ્ટ્રાઇક... એમ બધે ફરજ નિભાવતો રહ્યો.' એમ જણાવી ઉમેરે છે, '1984માં ગાંધીનગર બદલી થયા પછી 800-900 હોમગાર્ડ્સને CRPFમાં હંગામી ધોરણે ભરતી કર્યા, તેમને ટ્રેનિંગ આપી. એ પછી CRPFની નવી બટાલિયન ઊભી કરવાનો મોકો મળ્યો અને 800 જેટલા નવજવાનોને સઘન તાલીમ આપી. આ બધાં કાર્યો સાથે જીવન પ્રત્યેની એક ઊંડી સમજ કેળવાતી ગઈ. દેશદાઝ, દેશભક્તિમાંથી સમાજસેવા તરફ આકર્ષણ પેદા થવા માંડ્યું. CRPFમાંથી વીઆરએસ લઈને સ્વૈચ્છિક પ્રવૃત્તિઓ કરી. એક એવા સમયને સાધીને આવ્યો હતો કે જ્યાં મોતને ખૂબ નજીકથી નિહાળ્યું હતું. અને એ બધું છેવટે મને અધ્યાત્મ તરફ પ્રેરી રહ્યું હતું.' અત્યારે એક સેવાશ્રમમાં ટ્રસ્ટી તરીકે સમાજસેવકનું જીવન જીવી રહેલા મહેન્દ્રભાઈ કહે છે, 'એક આર્મીમેન માટે અધ્યાત્મ અને આનંદ વચ્ચે ખૂબ પાતળી ભેદરેખા છે. સેવાકીય પ્રવૃત્તિ જ એ રેખાને પાર કરી શકે છે અને અધ્યાત્મ અને આનંદને એકાકાર કરી શકે છે! બોર્ડર પર લડતાં લડતાં ક્ષણભંગુરતાનો ખ્યાલ મનમાં એટલો એકરસ થઈ ગયો કે પછી જીવનની યાત્રાને અધ્યાત્મ તરફ વાળવાનો મેં નિર્ણય કરી લીધો.'

---

CHERISHED HERITAGE . ક્રિષ્નાએ પોતાના ઘરમાં જ ટકાઉ અને સ્વાવલંબી જીવન જીવવાનો પ્રયોગ શરૂ કરેલો

# ઢાળની પોળને નવેસરથી સજાવવાની પ્રેરણા મોરક્કોના પ્રવાસમાંથી મળેલી

**ક્રિષ્ના હાંડા માને છે કે ગુજરાતી જીવનશૈલીમાં સસ્ટેનેબિલિટીનો વિચાર વણાયેલો છે. તેઓ પોતાના 'બ્રિહતી ફાઉન્ડેશન' થકી અમદાવાદના હેરિટેજને નવજીવન આપવા માટે પ્રયત્નશીલ છે**

જુમાના શાહ, જાનવી સોનૈયા, અમદાવાદ પોસ્ટ

તમે ઢાળની પોળમાં જાવ તો પાડોશીઓ વચ્ચે થતી વાતચીતો, લાંબી ગલીઓની બન્ને તરફ મકાનોની હારમાળા, નક્શીકામવાળાં જૂનાં મકાનો અને હળીમળીને રહેતા લોકો જોવા મળે. અમદાવાદની પોળ આપણા માટે જીવંત ઈતિહાસ સમી છે, જે આપણને વીતેલા સમયની વાત, સંસ્કૃતિ અને વારસાની સમૃદ્ધિ અને વેપારી વડામથકની શાન વગેરેનો અંદાજ આપે છે અને એનું જ ક્રિષ્ના હાંડાને ઘેલું લાગ્યું છે. ક્લેરિસ કેપિટલનાં સ્થાપક અને ઉદ્યોગસાહસિક એવાં ક્રિષ્ના હાંડા સમાજસેવકનું હૃદય ધરાવે છે. ક્લેરિસ દ્વારા સંચાલિત બ્રિહતી ફાઉન્ડેશન ઉદ્યોગસાહસિકતા, ઈનોવેશન અને અમદાવાદના હેરિટેજના સંરક્ષણ-સંવર્ધન માટે પ્રયાસરત છે.







> મેં અમદાવાદની ઢાળની પોળમાં પુનઃસ્થાપનનું કામ હાથ ધર્યું, જેથી લોકો તેને નવી નજરે જોતાં થાય. -ક્રિષ્ના હાંડા

બાળક તરીકે તેમણે જ્યારે આખી દુનિયામાં અનેક પ્રવાસ કર્યા ત્યારે જોવા મળેલાં સ્થળો અને લોકોએ તેમના વિશ્વમતનું ઘડતર કર્યું. ક્રિષ્ના કહે છે, 'મેં મારાકેશની મુલાકાત લીધી ત્યારે તેના ચોખ્ખાચણાક રસ્તાઓ, શહેરની ગલીઓમાં નારંગીનાં વૃક્ષો અને સમગ્ર શહેરમાં જોવા મળતાં ગુલાબના છોડ. આ જગ્યાએ જ મને શહેરોને ટકાઉ (સસ્ટેનેબલ) બનાવવાનો વિચાર સ્ફૂર્યો. આ રીતે મેં ઢાળની પોળમાં કામ કરવાનું શરૂ કર્યું.' મારાકેશ એ મોરક્કોનું એક શહેર છે, જે તેના બાગ, મસ્જિદો અને મહેલો માટે જાણીતું છે. તેમને યુરોપ અને ત્યાંના લોકો જે રીતે વારસાનું જતન કરે છે, એમાંથી પણ પ્રેરણા મળેલી. હેરિટેજ સ્થળોથી આસપાસના વિસ્તારમાં નાના વ્યવસાય ખીલે છે તથા મિલકતના ભાવ પણ વધતા હોય છે. તે કહે છે, 'આપણું હેરિટેજ પણ એટલું જ સમૃદ્ધ અને સુંદર છે. આપણી પાસે પણ એવી જ ઈમારતો અને સાંસ્કૃતિક વારસો છે, પરંતુ આપણે મોટા ભાગે તેનું મૂલ્ય સમજી શકતા નથી. આપણે તેને ઘર તરીકે જોઈ શકતા નથી. મેં ઢાળની પોળમાં પુનઃસ્થાપનનું કામ હાથ ધર્યું, જેથી લોકો તેને નવી નજરે જોતાં થાય.'

તે માને છે કે ગુજરાતી જીવનશૈલીમાં જ ટકાઉપણું (સસ્ટેનેબિલિટી) સમાયેલું છે. જરૂર ન હોય ત્યાં લાઈટ ચાલુ રહી ગઈ હશે તો? એ વાતનો તેને 'ફોબિયા' છે. તે કહે છે, 'આપણો ઉછેર આ રીતે જ થયો છે અને ગુજરાતી બાળકોને પહેલેથી જ વસ્તુઓ-સંસાધનોનો કરકસરપૂર્વક ઉપયોગ કરવાનું જ શીખવાય છે. આપણે મોટા થઈએ છીએ ત્યારે પણ આ આદતો આપણી સાથે રહે છે.'

કોઈ પણ વિચાર કાગળ પર તો સુંદર લાગે પરંતુ તેનું અમલીકરણ કરો ત્યારે તમારી કસોટી થાય. વિચાર અને અમલીકરણ વચ્ચેનું અંતર કાપવા માટે ક્રિષ્નાએ પોતાના ઘરમાં જ ટકાઉ અને સ્વાવલંબી જીવન જીવવાનો પ્રયોગ શરૂ કર્યો. 'અમે નવા ઘરમાં સ્થળાંતરિત થયા ત્યારે અમે તેને ઊર્જા કાર્યક્ષમ બનાવ્યું, ઓછામાં ઓછું પાણી કઈ રીતે વપરાય, સૂર્યપ્રકાશનો મહત્તમ લાભ કઈ રીતે લઈ શકાય વગેરે ધ્યાનમાં રાખીને ઘરની રચના કરી. આ પ્રયોગ થકી મને ફીલ્ડમાં કામ કરવાનો આત્મવિશ્વાસ સાંપડ્યો.'

વિચાર તો શહેરોને ટકાઉ બનાવવાનો હતો, પરંતુ તેમણે એક સમયે એક જ પોળ માટે કામ કરવાનું નક્કી કર્યું. છેલ્લાં બે વર્ષથી તેમનું ફાઉન્ડેશન ગુજરાત ટેક્નિકલ યુનિવર્સિટી (GTU)ના વિદ્યાર્થીઓ સાથે કામ કરે છે. તેમણે સાથે મળીને ચાના ફેરિયા માટે એક મૉડલ તૈયાર કર્યું છે, જેથી તેમનું રોજિંદું કામ સહેલું બને, સામાનની સંભાળ સારી રીતે થાય અને વધુ નફો મળે. તેઓ લોકોમાં હેરિટેજ અંગેની સભાનતા જગાવવા પણ પ્રયાસ કરે છે, મ્યુરલ પેઈન્ટિંગ્સ અને સમારકામ, રંગકામ અને સુશોભન દ્વારા તેઓ પોળની અમુક જગ્યાઓનો દેખાવ આકર્ષક બનાવવા મથી રહ્યાં છે.

---

SPIRIT OF ADVENTURE .

# સાહસ પ્રત્યેની ચાહનાને લીધે આ આંત્રપ્રેન્યોરે સર કર્યો કિલિમાંજરો



કિલિમાંજરો પર્વત સર કર્યાનું સર્ટિફિકેટ સ્વીકારતા **તપન ખંધાર**

**એકલા ઊભા હોય એવા દુનિયાના સૌથી ઊંચા પર્વત પર ટ્રેકિંગ કરવા માટે તપન ખંધારે ત્રણ મહિનાની સખત તાલીમ લીધી. તપન જણાવી રહ્યા છે કે પોતે પર્વતારોહણમાંથી શું શીખ્યા છે**

અમદાવાદ પોસ્ટ

સાહસની વ્યાખ્યા વ્યક્તિ વ્યક્તિએ જુદી હોઈ શકે છે. કોઈને ડેલહાઉસીના બરફાચ્છાદિત પર્વતોમાં ફરવાથી થ્રિલિંગ મળતી હોય તો કોઈને આફ્રિકાના સૌથી ઊંચા કિલિમાંજરો પર્વત પર ચડવાથી સંતોષ મળતો હોય. વસ્ત્રોની બ્રાન્ડ સ્પાનના માલિક તપન ખંધારને પહેલેથી સાહસ-એડવેન્ચર પ્રત્યે આકર્ષણ રહ્યું છે. એક વર્ષ પહેલાં તેઓ પોતાના ડ્રીમ ડેસ્ટિનેશન એવા કિલિમાંજરો પર્વત પર આરોહણ કરી આવ્યા. આ એકલો ઊભો હોય એવો દુનિયાનો સૌથી ઊંચો પર્વત છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ પર્વત દરિયાની સપાટીથી 5,895 મીટર ઊંચો છે.

ખંધારે પાંચ દિવસીય લાંબા આ ટ્રેક (3 દિવસ પર્વત પર ચડવા અને 2 દિવસ ઊતરવા) માટે ત્રણ મહિના સખત તૈયારીઓ કરી હતી, 'વેટ લિફ્ટિંગ, કોર સ્ટ્રેન્થનિંગ, મસલગેન... આ પડકારને પાર કરવા માટે મેં સખત વર્કઆઉટ કરેલું.' આટઆટલી તૈયારી છતાં ટ્રેકિંગમાં ઘણી વાર એવું થાય કે ચાલો પાછા ચાલ્યા જઈએ. તપન કહે છે, 'પર્વતની ટોચ માત્ર એકાદ કિમી દૂર હતી ત્યારે મને થવા લાગેલું કે હું અહીં શા માટે આવ્યો, શું જરૂર હતી, ચાલો પાછો ચાલ્યો જાઉં. હું હવે વધારે સહન કરી શકું એમ નથી...! હું ઓલમોસ્ટ પડી જ ભાંગ્યો હતો.' સદ્ભાગ્યે એક ડૉક્ટર દંપતી તેમની સાથે પર્વતારોહણ કરી રહ્યું હતું. તેમણે પર્વતારોહણના છેલ્લા તબક્કાને પૂરો કરવા માટે ઘણું પ્રોત્સાહન પૂરું પાડ્યું. 'આ ટ્રીપે મને જીવનનો મોટો બોધપાઠ શીખવ્યો કે પડકારરૂપ કામ હાથમાં લેવું આસાન છે, પરંતુ તેને પૂરું કરવું મહામુશ્કેલ હોઈ શકે છે.'

> આ ટ્રીપે મને જીવનનો મોટો બોધપાઠ શીખવ્યો કે પડકારરૂપ કામ હાથમાં લેવું તો આસાન છે, પરંતુ તેને પૂરું કરવું મહામુશ્કેલ હોઈ શકે છે. - તપન ખંધાર

તેઓ પર્વતની ટોચે પહોંચીને સ્થિર ઊભા રહ્યા ત્યારે તેમને મોટી જંગ જીતી લીધી હોય એવી અનુભૂતિ થયેલી. ત્યાંથી નજરે પડતું અનુપમ કુદરતી દૃશ્ય અને ઠંડા પવનની લહેરખીઓ તેમના માટે ટ્રોફી સમાન હતાં. 'અમે પર્વતની ટોચે પહોંચ્યા ત્યારે અમે વાદળોના સ્તરથી પણ ઊંચા હતા. આ ટ્રીપ દરમિયાન હું મારા આત્મા સાથે એકત્વ સાધી શક્યો હોઉં, એવી અનુભૂતિ થયેલી.'

તેમણે 300 કિમીથી વધારેનું સાઈકલિંગ કર્યું છે અને હવે તેઓ રશિયામાં આવેલા યુરોપના સૌથી ઊંચા એલ્બ્રુસ પર્વત પર ટ્રેકિંગ કરવા માગે છે. વાતનું સમાપન કરતાં તપન કહે છે, 'વાત કામની હોય કે સાહસની હંમેશાં સૌથી ઊંચાનું જ લક્ષ્ય રાખવું જોઈએ.'



કિલિમાંજરોની ટોચેથી દેખાતું દૃશ્ય

**અમદાવાદ પોસ્ટ તમને કેવું લાગ્યું?**
આપને વિનંતી છે કે તમારાં અભિપ્રાયો કે સૂચનો amdavadpost@gmail.com પર શેર કરજો. તમારો ઓપિનિયન અમારા માટે મૂલ્યવાન છે.

---

PHARMACY TO FARMACY . તેઓ દર વર્ષે પોતાના ફાર્મમાં 2000 કિલોથી વધારે ઘઉં ઉગાડે છે અને મિત્રો-સંબંધીઓમાં તેની વહેંચણી કરી દે છે

# કાર્ડિયાક સર્જન અને ખેડૂત પણ, બેવડી જિંદગીની બેગણી મજા

**ડૉ. અનિલ જૈનને મોટા ભાગની જિંદગી હૉસ્પિટલના નિયંત્રિત માહોલમાં પસાર કરવી પડે છે, આમાંથી છુટકારો મેળવવા માટે તેમણે ફાર્મ વસાવ્યું છે. તેઓ પોતાની બેવડી જિંદગી, નિવૃત્તિના આયોજન અને ખેતીમાંથી મળતા આનંદ વિશે વાત કરી રહ્યા છે**



શહેરના ઘોંઘાટ અને પ્રદૂષણથી દૂર પોતાના ફાર્મ પર **ડૉ. અનિલ** પોતાનાં પત્ની સાથે

અમદાવાદ પોસ્ટ

ડૉ. અનિલ જૈન બેવડી જિંદગી જીવે છે. સાલ હૉસ્પિટલમાં કાર્ડિયાક સર્જન તરીકે કાર્યરત ડૉ. જૈનને હૉસ્પિટલમાં નિયંત્રિત માહોલમાં રહેવું પડે છે, એટલું જ નહિ તેઓ જે હવા શ્વાસમાં લે છે, તે પણ માન્ય તાપમાનની હોય છે. સર્જરી વગેરે પતાવીને તરત તેઓ વૈષ્ણોદેવી સર્કલ પાસે આવેલી પોતાની સિક્રેટ જગ્યાએ દોડી જાય છે. છેલ્લાં 18 વર્ષથી તેમણે ત્યાં એક ફાર્મ રાખ્યું છે અને તેમાં જાતે ખેતીકામ કરે છે. દરેકને કદાચ આવા ફાર્મનું સપનું હોય છે. ચંદન, સિતાફળ, ચિકુ, બટાટા, ભીંડા, એરંડા, નારંગી, દાડમ, જરદાળુ, ઘઉં.... તમે નામ લો તેને તેઓ પોતાના ખેતરમાં ઉગાડે છે. 10 વીઘામાં ફેલાયેલું તેમનું ખેતર વાંદરા, ખિસકોલી, મોર, ચકલીઓ, કલકલિયો અને લક્કડખોદ જેવાં પશુ-પંખીઓનું ઘર પણ છે.



ડૉક્ટરે ખેતરમાં જ પોતાનું ઘર વસાવી લીધું છે. તેઓ ફાર્મમાં છેલ્લાં 18 વર્ષથી શાકભાજી, ફળો અને અનાજ ઉગાડી રહ્યા છે.

બન્ને જીવન વચ્ચે આભ-જમીનનો તફાવત છે, પરંતુ તેઓ આ બન્નેને માણે છે. ડૉ. જૈન કહે છે, 'કાર્ડિયાક સર્જરીમાં સંપૂર્ણ ધ્યાનની જરૂર પડે છે અને એમાં જરાય અખતરા ન ચાલે. હું તો સમયસર નિર્ણય ન લઉં તો દર્દી જીવ ગુમાવી શકે છે, પરંતુ ખેતર તો ઓપન-એન્ડેડ પ્રશ્ન જેવું છે. અહીં તમારે જેટલી વાર અટકવું હોય અટકો, વિચારવા માટે સમય લો કે પછી માત્ર ઊંડા શ્વાસ લો... અહીં તમે મુક્ત હોવ છો. બન્ને તદ્દન ભિન્ન જિંદગીઓ છે અને હું મારી જિંદગીમાં આ બન્ને વચ્ચે સંતુલન રાખીને ચાલું છું.'

ડૉ. જૈન પોતાની વાત આગળ વધારતાં કહે છે, 'મને ખેતરના જીવનને દરેક બાબત ખૂબ જ ગમે છે. આ જ મારું નિવૃત્તિનું આયોજન પણ છે. એક પુરુષ તરીકે હું બાળકને જન્મ તો ન આપી શકું, પરંતુ હું એક વૃક્ષ અથવા તો શાકભાજી કે ફળનો છોડ તો ઉગાડી શકું છું. અને એ પણ એક વિજય કરતાં જરાય ઓછું નથી.' તેમને બાળપણથી છોડ ઉછેરવા પસંદ છે. નાનપણમાં તેમણે એક આંબાનું વૃક્ષ વાવ્યું હતું અને તેને ઉછેર્યું હતું. કહેવાય છે કે તમે આજે વૃક્ષ વાવો, જેથી તમારા પછીની પેઢીને તેનાં ફળનો લાભ મળે. પરંતુ તેઓ ભાગ્યશાળી છે કે પોતે જે કંઈ ઉગાડે છે, તેનાં ફળો પણ ખાઈ શકે છે. તેઓ દર વર્ષે 2000 કિલોથી વધારે ઘઉં ઉગાડે છે અને મિત્રો-સંબંધીઓમાં તેની વહેંચણી કરી દે છે. તેઓ મોટા પ્રમાણમાં એરંડા પણ ઉગાડે છે. ડૉ. જૈન પાસે તો ફાર્મ છે અને બાજુમાં ઘર પણ બનાવ્યું છે, પરંતુ તમારે વૃક્ષ ઉગાડવા હોય તો તમારી પાસે જમીન હોવી જરૂરી નથી. તેઓ કહે છે, 'હું લીંબડાનાં બી લઈ આવ્યો હતો અને ડિવાઈડર કે હાઈવેના કાંઠે તેને નાખું છે અને હું જોઉં છું કે તે સારી રીતે ઊગી જાય છે. સૃષ્ટિ સાથે ફરી સંબંધ બાંધવા માટે તમારે માત્ર સારો ઈરાદો રાખવાની જરૂર છે. યુવા પેઢી ખેતરોમાં પરસેવો પાડવાને બદલે મોબાઈલ સ્ક્રીનને વળગેલી રહેતી હોય છે, એ અંગે તેઓ કહે છે, 'નેટફ્લિક્સ પર તમને મનોરંજન જરૂર મળે, પરંતુ ખેતીકામમાં જે મજા છે, તેની સરખામણી ન થઈ શકે. બીજું કે તમારે બનવું હોય તો ઉંદર દોડનો હિસ્સો જરૂર બનો, પરંતુ રસ્તામાં વચ્ચે વચ્ચે થોડા બી પણ નાખતાં જાવ અને વૃક્ષ ઉગાડતાં જશો તો તમારી સફર સાર્થક બનશે. હું તેનો એક જીવંત પુરાવો છું.'

> એક પુરુષ તરીકે હું બાળકને જન્મ તો ન આપી શકું, પરંતુ હું એક વૃક્ષ કે ફળનો છોડ તો ઉગાડી શકું છું. -ડૉ. અનિલ જૈન